# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,

## બ્લોક નં. ૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર

## જાહેરાત ક્રમાંકઃ ૨૩૩/૨૦૨૪૨૫ થી ૨૩૫/૨૦૨૪૨૫ અંગેની વિગતવાર સુચનાઓ

**(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)**

---

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા વિવિધ વિભાગના નિયંત્રણ હેઠળના વિવિધ ખાતાના વડાની કચેરીઓ અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ની તાંત્રિક સંવર્ગની નીચે દર્શાવેલ સીધી ભરતીની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી **OJAS** ની વેબસાઇટ પર ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** પરથી **તા.૦૧/૦૭/૨૦૨૪** (૧૪–૦૦ કલાક) **થી તા.૨૦/૦૭/૨૦૨૪** (સમય ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન ઓન–લાઈન અરજી કરવાની રહેશે. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ મંડળની વેબસાઇટ **https://gsssb.gujarat.gov.in** પર મૂકવામાં આવશે, તેથી સમયાંતરે મંડળની વેબસાઇટ અચુક જોતા રહેવું.

૧) **અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ (આ જાહેરાતમાં ફકરા નં. ૭ માં દર્શાવેલ છે, તે સહીત) તથા આ સમગ્ર જાહેરાત ઓન–લાઈન અરજી કરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી કાળજીપૂર્વક વાંચવી જરૂરી છે.**

૨) ઓન–લાઈન અરજી કરતી વખતે ઉમેદવારે કોઇ પ્રમાણપત્રો જોડવાના નથી. પરંતુ, ઓન–લાઈન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે ઓન–લાઈન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડયાનું પ્રમાણપત્ર, કેટેગરી(**SC/ST/SEBC/EWS**) ને લગતા, દિવ્યાંગતા (લાગુ પડતું હોય તો), માજી સૈનિક (લાગુ પડતુ હોય તો) તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન–લાઈન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોના કારણે અરજી રદ થવા પાત્ર રહેશે. આથી ઉમેદવારે ઓન–લાઈન અરજીપત્રક કાળજીપૂર્વક ભરવાનું રહે છે.

૩) **પરીક્ષા પદ્ધતિ** – પસંદગીની પ્રક્રિયામાં જાહેરાતમાં ફકરા નં.૯ માં દર્શાવ્યા મુજબની **MCQ** પ્રકારના પ્રશ્નોવાળી **COMPUTER BASED RECRIUTMENT TEST (CBRT) / સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા** ઉમેદવારે આપવાની રહેશે. જે સંબંધિત ઉમેદવારોએ ધ્યાને લેવી.

૪) મંડળ દ્વારા જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની અમુક સૂચનાઓ મોબાઇલ નંબર પર એસ.એમ.એસ. અથવા ઇ – મેઇલથી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર તથા ઇ – મેઇલ અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી, અરજીપત્રક ભરતા સમયે દર્શાવેલ મોબાઈલ નંબર તથા ઇ – મેઇલ જાળવી રાખવા જરૂરી અને આપના હિતમાં છે.

## ૧. સંવર્ગવાર જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ.વર્ગ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ.પ. વર્ગ | શારીરિક અશકત (દિવ્યાંગ) | માજી સૈનિક |
| **૨૩૩/ ૨૦૨૪૨૫ ખેતી મદદનીશ, વર્ગ–૩** | **ખેતી નિયામકની કચેરી** રાજકોટ વિભાગ | **૨૯૧** | **૧૧૬** | **૨૯** | **૨૧** | **૪૭** | **૭૮** | **૩૮** | **૦૯** | **૦૬** | **૧૫** | **૨૫** | **૧૨** | **૨૯** |
| | વડોદરા વિભાગ | **૧૪૫** | **૬૬** | **૧૪** | **૧૩** | **૧૫** | **૩૭** | **૨૧** | **૦૪** | **૦૪** | **૦૪** | **૧૨** | **૦૬** | **૧૪** |
| | **કુલ** | **૪૩૬** | **૧૮૨** | **૪૩** | **૩૪** | **૬૨** | **૧૧૫** | **૫૯** | **૧૩** | **૧૦** | **૧૯** | **૩૭** | **૧૮** | **૪૩** |
| **૨૩૪/ ૨૦૨૪૨૫ બાગાયત મદદનીશ, વર્ગ–૩** | **બાગાયત નિયામકની કચેરી, ગાંધીનગર** | **૩૮** | **૧૮** | **૦૩** | **૦૨** | **૦૬** | **૦૯** | **૦૫** | **૦૦** | **૦૦** | **૦૧** | **૦૨** | **૦૨** | **૦૩** |
| | ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન | **૧૪** | **૦૮** | **૦૧** | **૦૦** | **૦૨** | **૦૩** | **૦૨** | **૦૦** | **૦૦** | **૦૦** | **૦૧** | **૦૦** | **૦૧** |
| | **કુલ** | **૫૨** | **૨૬** | **૦૪** | **૦૨** | **૦૮** | **૧૨** | **૦૭** | **૦૦** | **૦૦** | **૦૧** | **૦૩** | **૦૨** | **૦૪** |
| **૨૩૫/ ૨૦૨૪૨૫ મેનેજર, (અતિથિ ગૃહ /વિશ્રામ ગૃહ વ્યવસ્થાપક) ગ્રેડ–૨, વર્ગ–૩** | **માર્ગ અને મકાન વિભાગ** | **૧૪** | **૦૬** | **૦૨** | **૦૧** | **૦૨** | **૦૩** | **૦૨** | **૦૦** | **૦૦** | **૦૦** | **૦૧** | **૦૧** | **૦૧** |

ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી શારિરીક રીતે વિકલાંગ ઉમેદવારો માટેની સંવર્ગવાર અનામત જગ્યાઓ નીચે દર્શાવ્યા મુજબની રહેશે.

| જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ / ખાતાના વડાની કચેરી | કુલ જગ્યાઓ | શારિરીક અશક્ત (દિવ્યાંગ) | A | B | C | D & E |
|---|---|---|---|---|---|---|---|
| ૨૩૩/૨૦૨૪૨૫ | ખેતી મદદનીશ, વર્ગ-૩ (રાજકોટ વિભાગ) | ૨૯૧ | ૧૨ | ૦૩ | ૦૩ | ૦૩ | ૦૩ |
| | ખેતી મદદનીશ, વર્ગ-૩ (વડોદરા વિભાગ) | ૧૪૫ | ૦૬ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૧ |
| | કુલ | ૪૩૬ | ૧૮ | ૦૫ | ૦૫ | ૦૪ | ૦૪ |
| ૨૩૪/૨૦૨૪૨૫ | બાગાયત મદદનીશ,વર્ગ-૩ બાગાયત નિરીક્ષકની કચેરી | ૩૮ | ૦૨ | ૦૧ | ૦૧ | - | -- |
| | બાગાયત મદદનીશ,વર્ગ-૩ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન | ૧૪ | ૦૦ | -- | -- | - | -- |
| | કુલ | ૫૨ | ૦૨ | -- | -- | - | -- |
| ૨૩૫/૨૦૨૪૨૫ | મેનેજર (અતિથિ ગૃહ/ વિશ્રામ ગૃહ વ્યવસ્થાપક) ગ્રેડ-૨, વર્ગ-૩ | ૧૪ | ૦૧ | -- | -- | ૦૧ | -- |

શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે અનામત જગ્યા હોય તે જગ્યા પર ઉમેદવારી નોંધાવવા માટે તેમજ અનામત સિવાયની જગ્યા પર ઉમેદવારી નોંધાવવા માંગે ત્યારે નીચે મુજબની **દિવ્યાંગતા માન્ય રહેશે:**

| જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | શારીરીક વિકલાંગ | | | |
|---|---|---|---|---|
| | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | બધિર અને ઓછું સાંભળનાર | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ | સ્વલીનતા બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી અને (A) થી (D) હેઠળના વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા |
| | A | B | C | D & E |
| ૨૩૩/૨૦૨૪૨૫ ખેતી મદદનીશ, વર્ગ-૩ | LV (40-70)% | HH (40-70)% | OA, OL, OAL, LC, Dw, AAV, BA*, BL* | SLD |
| ૨૩૪/૨૦૨૪૨૫ બાગાયત મદદનીશ, વર્ગ-૩ બાગાયત નિયામકની કચેરી | LV (40-70)% | D, HH (40-70)% | OA, BA, OL, CP, LC, Dw, AAV, SD, SI, BL* | ASD(M), ID, SLD, MI, MD |
| ૨૩૪/૨૦૨૪૨૫ બાગાયત મદદનીશ, વર્ગ-૩ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન | -- | HH (40-70)% | OA, OL, OAOL, SD, SI, BA*, BL* | SLD |
| ૨૩૫/૨૦૨૪૨૫ મેનેજર, (અતિથિ ગૃહ/ વિશ્રામ ગૃહ વ્યવસ્થાપક) ગ્રેડ-૨, વર્ગ-૩ | LV (40-70) % | HH (40-70)% | OA, OL, LC, Dw, AAV, SD, SI, BA*, BL* | SLD, MI(40-70)%, MD(40-70) % |

**B** (Blind), **LV** (Low Vision), **D** (Deaf), **HH** (Hard of Hearing), **OA** (One Arm), **OL** (One leg), **BA** (Both Arms), **OAL/OAOL** (One Arm and One leg), **CP** (Cerebral palsy), **LC** (Leprocy Cured), **Dw** (Dwarfism), **AAV** (Acid Attack Victim), **MDy** (Muscular Dystrophy), **SD** (Spinal Deformity), **SI** (Spinal Injury), **ASD** (Autism Spectrum Disorder) **M**- Mild, **ID** (Intellectual Disability), **SLD** (Specific Learning Disability), **MI** (Mental Illness), **MD** (Multiple Disabilities) Disabilities included in Group A to D

**BA* અને BL* માટે ખાસ નોંધ:–**

**BA*** અને **BL*** પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂક સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: SJED/DIA/E-FILE/17/2023 /1761/CHH-1 SECTION માં ઠરાવેલ નીચે મુજબની શરતો અને જોગવાઈઓને આધિન રહેશે.

(૧) **BA (**બંને હાથ**)** અને **BL (**બંને પગ**)** ની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ કોઈ કૃત્રિમ અવયવની મદદ સાથે કે વિના સામાન્ય વ્યક્તિની જેમ હલનચલન કરવા તેમજ ફરજ બજાવવા સક્ષમ હોવી જોઈશે.

(૨) આવા ઉમેદવાર લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થાય ત્યારબાદ જે–તે સંવર્ગની ફરજોનાં સંદર્ભમાં આવા ઉમેદવાર માટે મેડીકલ બોર્ડનો અભિપ્રાય સંબંધિત વહીવટી વિભાગ દ્વારા મેળવવામાં આવશે. આ અભિપ્રાયના આધારે ઉમેદવાર જે તે સંવર્ગમાં નિમણૂક માટે લાયક છે કે ગેરલાયક છે તે સંબંધિત વહીવટી વિભાગ/કચેરી દ્વારા નક્કી કરવામાં આવશે.

**નોંધ:–**

(૧) અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૨) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ, જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તો તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે દિવ્યાંગ ઉમેદવારને સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઈ/ગ–૨ના ઠરાવની જોગવાઈ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યંગતાની ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું તબીબી પ્રમાણપત્ર ધરાવતાં હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક રીતે અશક્ત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેડન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં). શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ **Online** ફોર્મમાં **Personal Details** માં પોતાની અશક્તતાની વિગત અને ટકાવારી દર્શાવવાની રહેશે.

(૩) આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓમાં વધઘટ થવાની શક્યતા રહેલ હોઇ જગ્યાઓમાં વધઘટ થઇ શકશે.

(૪) અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨ /૧૩/ગ.૨(ભાગ-૧)ની જોગવાઇઓ ધ્યાને લઇને, મહિલાઓ માટે અનામત જગાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૬) માજી સૈનિક માટે નિયમોનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી(બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ નૌકાદળ/હવાઈદળ/ભૂમિદળ માં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનુ સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંકઃ **GAD/ERE/e-file/ 1/2023 /5258/G.2** થી ઠરાવવામાં આવેલ છે કે,

‘‘સીધી ભરતીની જાહેરાતમાં ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમિયાન સીધી ભરતીની જગ્યા પર ઉમેદવારી નોંધાવી શકશે’’

તે ધ્યાને લેતાં તા.૨૦/૦૭/૨૦૨૪ના રોજથી માજી સૈનિક તરીકે એક વર્ષની સમયમર્યાદામાં નિવૃત્ત થનાર હોય તેવા સૈનિક ઉમેદવારોને અરજી કરવા નોંધ લેવા જણાવવામાં આવે છે.

(૭) શારીરિક રીતે અશક્ત(દિવ્યાંગ) ઉમેદવારોની જગ્યાઓ જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે. શારીરિક રીતે અશક્ત(દિવ્યાંગ) ઉમેદવારોની જગ્યા માટે લાયક શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા અન્ય સામાન્ય લાયક (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના) ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૮) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી, ઉમેદવારોએ મેળવેલ માર્કસના મેરીટસને ધ્યાને લઇ કરવામાં આવે છે તેથી આવી જગ્યાઓ માટે પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મેરીટસમાં આવતી મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

**૨. પગાર ધોરણ:-**

નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ અને ત્યારબાદ તા.૨૯/૦૪/૨૦૧૦, તા.૦૬/૧૦/૨૦૧૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૪ ના સુધારા ઠરાવ, તા.૨૦/૧૦/૨૦૧૫ અને તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૨)/ઝ.૧ તથા તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના નિયત ફિક્સ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૧/૨૦૧૫/૩૧૨૯૧૧/ગ.૫ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ **SLP No. 14124/2012** અને **SLP No. 14125/2012** ના ચુકાદાને આધીન રહેશે.

વધુમાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તા.૦૮/૦૧/૨૦૨૧ ના હુકમ ક્રમાંક:ગાં.મ.ન.પા./મકમ/ફન.૧૪૮/૪૩૪/૨૦૨૧ થી ફિક્સ પગારનો સમયગાળો ત્રણ વર્ષનો કરવામાં આવેલ હોય ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળના બાગાયત મદદનીશ તરીકે નિમાયેલ ઉમેદવારને પ્રથમ ત્રણ વર્ષ માટે, માસિક ફિક્સ પગારના ધોરણે રૂ.૨૬૦૦૦/- મળવાપાત્ર રહેશે.

| જાહેરાત ક્રમાંક | વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | સંવર્ગનું નામ | કરાર આધારિત નિમણૂક નો સમયગાળો | કરાર આધારિત નિમણૂક દરમ્યાન પ્રતિ માસ મળવાપાત્ર ફિક્સ પગાર |
|---|---|---|---|---|
| **૨૩૩/૨૦૨૪૨૫** | **ખેતી નિયામકની કચેરી (રાજકોટ અને વડોદરા વિભાગ)** | **ખેતી મદદનીશ, વર્ગ-૩** | **પાંચ વર્ષ** | **રૂ. ૨૬૦૦૦/-** |

| જાહેરાત ક્રમાંક | વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | સંવર્ગનું નામ | કરાર આધારિત નિમણૂક નો સમયગાળો | કરાર આધારિત નિમણૂક દરમ્યાન પ્રતિ માસ મળવાપાત્ર ફિક્સ પગાર |
|---|---|---|---|---|
| ૨૩૪/૨૦૨૪૨૫ | બાગાયત નિયામકની કચેરી | બાગાયત મદદનીશ, વર્ગ-૩ | પાંચ વર્ષ | રૂ. ૨૬૦૦૦/- |
| | ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન | બાગાયત મદદનીશ, વર્ગ-૩ | ત્રણ વર્ષ | રૂ. ૨૬૦૦૦/- |
| ૨૩૫/૨૦૨૪૨૫ | માર્ગ અને મકાન વિભાગ | મેનેજર (અતિથિ ગૃહ/ વિશ્રામ ગૃહ વ્યવસ્થાપક) ગ્રેડ-૨, વર્ગ-૩ | પાંચ વર્ષ | રૂ. ૪૦૮૦૦/- |

૩. **રાષ્ટ્રીયતા:- ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ** અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

**૪.૧. વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાતની વિગતો:-**

| જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | વયમર્યાદા / શૈક્ષણિક લાયકાત |
|---|---|
| **૨૩૩/૨૦૨૪૨૫**<br>**ખેતી મદદનીશ, વર્ગ-૩** | **(ક) તા.૨૦/૦૭/૨૦૨૪** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>**(ખ)** (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત કૃષિ યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી કૃષિમાં ડિપ્લોમા **અથવા** બાગાયતમાં ડિપ્લોમા **અથવા** કૃષિ એન્જીનિયરીંગમાં ડિપ્લોમા **અથવા** એગ્રો પ્રોસેસિંગમાં ડિપ્લોમા **અથવા** એગ્રીકલ્ચર કો-ઓપરેશન બેન્કીંગ એન્ડ માર્કેટીંગમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે;<br>**અથવા**<br>(૨) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ જાહેર થયેલ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ગ્રામીણ અભ્યાસમાં સ્નાતકની પદવી (ગૃહ વિજ્ઞાનમાં ગ્રામીણ અભ્યાસની સ્નાતકની પદવી સિવાય) **અથવા** કૃષિમાં બી.એસસી. |

| | |
|---|---|
| | **અથવા** કૃષિ એન્જીનિયરીંગમાં બી.ટેક. **અથવા** કૃષિમાં બી.ઈ. **અથવા** બાગાયતમાં બી.એસસી. ની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે. **અને**<br>**(ગ)** ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>**(ઘ)** ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે. |
| **૨૩૪/૨૦૨૪૨૫**<br>**બાગાયત મદદનીશ,વર્ગ-૩** | **(ક) તા.૨૦/૦૭/૨૦૨૪** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇશે;<br>ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;<br>**(ખ)** ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય કૃષિ/બાગાયત યુનિવર્સિટી અધિનિયમ અથવા રાજ્ય કૃષિ/બાગાયત યુનિવર્સિટી અધિનિયમથી અથવા તે હેઠળ સંસ્થાપિત અથવા સ્થપાયેલી કૃષિ/બાગાયત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ પોલિટેકનિકમાંથી બાગાયતમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે.<br>**(ગ)** ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.<br>**(ઘ)** ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે. |
| **૨૩૫/૨૦૨૪૨૫**<br>**મેનેજર (અતિથિ ગૃહ/ વિશ્રામ ગૃહ વ્યવસ્થાપક) ગ્રેડ-૨, વર્ગ-૩** | **(ક) તા.૨૦/૦૭/૨૦૨૪** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૭ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.<br>**(ખ)** ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ ૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ હોટલ મેનેજમેન્ટનો ડિપ્લોમા **અથવા** હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરીંગ ટેકનોલોજીનો ડિપ્લોમા **અથવા** હોટલ મેનેજમેન્ટની સ્નાતકની પદવી **અથવા** હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરીંગ ટેકનોલોજીની સ્નાકની પદવી **અથવા** હોસ્પીટાલીટી એન્ડ હોટેલ એડમિનિસ્ટ્રેશન ની સ્નાતકની પદવી **અથવા** બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (હોટેલ મેનેજમેન્ટ એન્ડ ટુરીઝમ) ની સ્નાતકની પદવી **અથવા** બેચલર ઓફ આર્ટસ (ઈન્ટરનેશનલ હોસ્પીટાલીટી એડમિનિસ્ટ્રેશન) ની સ્નાતકની પદવી **અથવા** બેચલર ઓફ સાયન્સ (કેટરીંગ સાયન્સ એન્ડ હોટલ મેનેજમેન્ટ) ની સ્નાતકની પદવી **અથવા** |

| | |
|---|---|
| | માસ્ટર ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (ટુરીઝમ એન્ડ હોટેલ મેનેજમેન્ટ) ની અનુસ્નાતકની પદવી **અથવા** ટુરીઝમ એન્ડ હોટેલ મેનેજમેન્ટનો પોસ્ટ ગ્રેજ્યુએટનો ડીપ્લોમા ધરાવતો હોવો જોઇશે.<br>**(ગ)** ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>**(ઘ)** ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે. |

**નોંધઃ-**

**(૧)** ઉપર દર્શાવેલ તમામ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્ધાઓનો અરજીપત્રકમાં સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઇઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઇને જ અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.

**(૨)** દરેક સંવર્ગની ઉપલી વયમર્યાદા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ તેમજ જે તે સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ જોગવાઇ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૯/૨૦૧૨ અને તા.૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧૨૦૦૮ /૨૮૨૩૨૩/ગ-૫ ની જોગવાઇઓ અને તે અન્વયે થયેલ સુધારાને ધ્યાને લેવામાં આવેલ છે.

**(૩)** જા.ક્ર. ૨૩૩/૨૦૨૪૨૫, ખેતી મદદનીશ, વર્ગ-૩ માટે પસંદગી યાદી માટે લાયક ઠરેલા ઉમેદવારો પાસેથી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ૧. ખેતી નિયામકની કચેરી, રાજકોટ વિભાગ અને ૨. ખેતી નિયામકની કચેરી, વડોદરા વિભાગ પૈકી જે કચેરીમાં નિમણૂક મેળવવી હોય તે માટે તેમની પસંદગીનો ક્રમ બતાવવાનો રહેશે.

**(૪)** જા.ક્ર. ૨૩૪/૨૦૨૪૨૫, બાગાયત મદદનીશ, વર્ગ-૩ સંવર્ગ માટે પસંદગી યાદી માટે લાયક ઠરેલા ઉમેદવારો પાસેથી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ૧. બાગાયત નિરીક્ષકની કચેરી, ગાંધીનગર અને ૨. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન પૈકી જે કચેરીમાં નિમણૂક મેળવવી હોય તે માટે તેમની પસંદગીનો ક્રમ બતાવવાનો રહેશે.

**ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નિમણૂક પામેલ ઉમેદવારો ગુજરાત સરકારના કર્મચારીઓ ગણાશે નહીં, જેની ખાસ નોંધ લેવી.**

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦ /ગ-૨ ની જોગવાઇઓ ધ્યાને લેતાં જા.ક્ર. ૨૩૪/૨૦૨૪૨૫, બાગાયત મદદનીશ, વર્ગ-૩ સંવર્ગ ની પ્રતિક્ષાયાદી બનાવવાની રહેતી નથી.

**(૫) દરેક સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબંધિત વિભાગ/ ખાતાના વડાની કચેરીનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.**

**૪.૨. વયમર્યાદામાં છૂટછાટ:–**

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, શારિરીક અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

| **કેટેગરી** | **છૂટછાટ** | **મહત્તમ વયમર્યાદા** |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારો (૫+૧૦=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. | |

**(૧)** માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત **તા.૨૦/૦૭/૨૦૨૪** ના રોજ કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

**(૨)** જે સંવર્ગની જગ્યાઓમાં **S.E.B.C.** કેટેગરી (સા.શૈ.પ.વર્ગ) ના ઉમેદવારો માટે અનામત છે તેવા **S.E.B.C.** કેટેગરી (સા.શૈ.પ.વર્ગ) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨/૨૦૨૨–૨૩/૨૦૨૩–૨૪ ની આવકના આધારે રાજય સરકારની નોકરી માટે (પરિશિષ્ઠ–૪ મુજબ ગુજરાતી નમૂનામાં) મુજબ કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ **તા.૦૧/૦૪/૨૦૨૨ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૦/૦૭/૨૦૨૪** સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે અન્યથા તેઓ જનરલ– સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા–પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ

તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી “રદ” કરવામાં આવશે.

ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર મંડળ દ્વારા જણાવવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

**(૩)** જે સંવર્ગની જગ્યાઓમાં **E.W.S.** કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારો માટે અનામત છે તેવા **E.W.S.** કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારોએ રાજય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમુના **(**અંગ્રેજીમાં એનેક્ષર**-KH** અથવા ગુજરાતીમાં **પરિશિષ્ટ-ગ)** માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.

**સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ-ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઈસ્યુ (Issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે.** ઉમેદવાર આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું પાત્રતા પ્રમાણપત્ર **તા.૨૧/૦૭/૨૦૨૧ થી તા.૨૦/૦૭/૨૦૨૪** દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ જનરલ–સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

**(૪) અનામત વર્ગના અ.જા., અ.જ.જા. અને સા.શૈ.પ.વ. કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** અને સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ હોવું જોઇશે.

**(૫)** ઉમેદવાર, દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા

પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

દિવ્યાંગ ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ ના પરિપત્રમાં નિયત થયા મુજબ The Rights of Persons with Disabilities Act, 2016 અમલી થતા બદલાતા સંજોગોમાં સા.વ.વિ. ના તા.૦૧/૧૨/૨૦૦૮ ના બદલે દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઇ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત સરકાર/ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નિયત કરવામાં આવતી સૂચના અનુસાર દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.

**(૬)** માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ નૌકાદળ/હવાઈદળ /ભૂમિદળ માં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનુ સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ ના જાહેરનામા ક્રમાંકઃ **GS/2018-(2)-RES-1085/3433/G-2** ની જોગવાઇ મુજબ ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. માજી સૈનિક તરીકેની ફરજ ચાલુ હોય તેવા ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ તેઓ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

**(૭) ઉમેદવારે Online અરજીપત્રકમાં વિગતો ભરતાં સમયે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક Confirm થયેથી જાતિ (કેટેગરી) માં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.**

## ૫. કોમ્પ્યુટરની જાણકારી

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નિયત કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ- ૧૦ **અથવા** ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી **"રદ"** કરશે.

## ૬. શૈક્ષણિક લાયકાત/ વયમર્યાદા/ વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ:-

જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, નોન-ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે **તા.૨૦/૦૭/૨૦૨૪** ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## ૭. અરજી કરવાની રીત :-

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો **તા.૦૧/૦૭/૨૦૨૪** (**બપોરના ૧૪-૦૦ કલાક**) થી **તા.૨૦/૦૭/૨૦૨૪** (સમય **૨૩-૫૯** કલાક સુધી) દરમ્યાન **"https:// ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર ઓન-લાઈન અરજીપત્રક ભરી શકશે.ઉમેદવાર એક કરતાં વધુ જાહેરાત ક્રમાંક માટે ઉમેદવારી નોંધાવવા માંગતો હોય તો પ્રત્યેક જાહેરાત માટે અલગ અલગ **Online Application** કરવાની રહેશે. એક જ જાહેરાત અન્વયે એક કરતાં વધુ અરજી કરનાર ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ રદ થશે. આ બાબતની વિગતવાર સુચના અરજી કરવાની રીતના પેટા મુદ્દા નં. (૧૧) માં પણ આપેલ છે.

### ઉમેદવારે અરજીપત્રક ભરવા માટેઃ-

**(૧)** સૌપ્રથમ **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર જવું.
**(૨)** ત્યારબાદ **"On line Application"** માં **Apply** પર **Click** કરવું અને **GSSSB** સિલેક્ટ કરવું.
**(૩)** ઉમેદવારે જાહેરાત ક્રમાંક: ૨૩૩/૨૦૨૪૨૫ થી ૨૩૪/૨૦૨૪૨૫ પૈકીની જે સંવર્ગની જાહેરાત માટે ઉમેદવારી કરવા માટે જાહેરાતના સંવર્ગના નામ પર **Click** કરી **Apply** પર ક્લિક કરવું. ત્યાર બાદ સ્ક્રીન પર **More Details** અને **Apply now** ના ઓપ્શન ખુલશે. જેમાં **More Details** પર **Click** કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.
**(૪)** જયારે **"Apply now"** પર **Click** કરવાથી નવી વિન્ડો ખુલશે. જેમાં **"Skip"** પર ક્લિક કરવાથી **Application Format** ખુલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. **(**જ્યાં લાલ ફુંદડી **(*****)** નિશાની હોય ત્યાં માગ્યા મુજબની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.**)**
**(૫) Personal Details** ભરાયા બાદ **"Educational Details"** ભરવાની રહેશે.
**(૬)** ત્યાર બાદ **"Assurance"** (બાંહેધરી) માં દર્શાવેલ શરતો સ્વીકારવા માટે **"Yes" Select** કરી **"save"** પર **Click** કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.
**(૭)** હવે **"save"** પર **Click** કરવાથી **"Application Number" generate** થયેલ હશે જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
**(૮)** હવે **Upload Photograph** પર **Click** કરો અહીં તમારો **application number type** કરો અને તમારી **Birth date type** કરો. ત્યારબાદ **ok** પર **Click** કરવું. અહીં **photo** અને **signature upload** કરવાના છે. **(Photo** નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને **Signature** નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ

રાખવી.) **(photo** અને **signature upload** કરવા સૌ પ્રથમ તમારો **photo** અને **signature jpg format** માં **(15 kb)** સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી **computer** માં સેવ કરેલા હોવા જોઈશે.) **photo** અને **signature** અપલોડ કરવા માટે **"browse" button** પર **Click** કરો. હવે **choose file** ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં **jpg format** માં તમારો **photo store** થયેલ છે, તે ફાઈલને **select** કરો અને **"open" button** ને **Click** કરો. હવે **"browse" button** ની બાજુમાં **"upload" button** પર **Click** કરો. હવે બાજુમાં તમારો **photo** દેખાશે. હવે આજ રીતે **signature** પણ **upload** કરવાની રહેશે. જે **photo** અને **signature** અપલોડ કરવામાં આવ્યા હશે તે જ **photo** લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ **signature** કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે. આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજુ થશે તો ફાળવણી/નિમણૂંકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

**(૯)** હવે પેજના ઉપરના ભાગમાં **Online Application** ટેબમાં **"Confirm Application"** પર **Click** કરો અને **"Application number"** તથા **Birth Date type** કર્યા બાદ **Ok** પર **Click** કરવાથી ઉમેદવારની **Basic Details** અને **confirm application** દેખાશે. ઉમેદવારને અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો **edit** કરી લેવું. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ **confirm application** પર **Click** કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં **online** સ્વીકાર થઈ જશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, દિવ્યાંગતા, વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઇને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઈપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી ‘રદ’ કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. **confirm application** પર **click** કરતાં અહીં **"confirmation number" generate** થશે. આ **"confirmation number"** હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

**(૧૦)** હવે **print application** પર **Click** કરવું. અહીં **Select Job** માંથી જાહેરાત ક્રમાંક સિલેકટ કરીને તમારો **confirmation number** ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઈપ કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ ફરજિયાતપણે કાઢીને સાચવી રાખવી. નોંધાયેલ ઉમેદવાર અરજી કરવાની અંતિમ તારીખ સુધી **Online Application Form** ડાઉનલોડ કરીને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખે તે ઉમેદવારના હિતમાં છે. અરજી કરવાની અંતિમ તારીખ બાદ ઉમેદવાર **Application Form** ડાઉનલોડ કરી શકશે નહીં.

**(૧૧)** ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિન અનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**નોંધ:–** જાહેરાત સામે દર્શાવેલ સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ ઓનલાઈન અરજી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળની કચેરીના ફોન નંબર: **૦૭૯– ૨૩૨૫૮૯૧૬** પર સંપર્ક કરી શકાશે.

## ૮. <u>પરીક્ષા ફી:–</u>

**સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૧/૨૦૨૪ ના પત્રમાં થયેલ જોગવાઈ મુજબ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવતી સીધી ભરતીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષા ફી નું ધોરણ નીચે મુજબનું રહેશે.**

| **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષા ફી નું ધોરણ** | | |
|---|---|---|
| | **બિન અનામત વર્ગ** | **અનામત વર્ગ**<br>(તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ.વર્ગ, અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, આ.ન.વર્ગ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવારો) |
| **પ્રાથમિક પરીક્ષા** | **રૂ. ૫૦૦/–** | **રૂ. ૪૦૦/–** |
| **The fees paid shall be refunded to those candidates who appear for the examination.**<br>**પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે.** | | |

તમામ ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ફી ઓનલાઈનના માધ્યમથી જ ભરવાની થાય છે. ઉમેદવાર જયારે **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષા ફી **તા.૨૩/૦૭/૨૦૨૪** (૨૩.૫૯ કલાક) સુધીમાં ફરજીયાત ઓન–લાઇન ભરવાની રહેશે. ઓન–

લાઈનના માધ્યમથી ફી ભરવા માટે **OJAS** વેબસાઈટ પર **Online Application** ટેબમાં **Print Application Form / Pay Fees** પર **Click** કરવાથી **Online Payment** માટેના **Options** દેખાશે. જેમાં **Online Payment of Fees** પર **Click** કરવું. જેમાં ડેબિટ કાર્ડ (**Debit Card**), ઈન્ટરનેટ બેંકિંગ (**Internet Banking**), **UPI** અથવા વૉલેટ (**Wallets**) દ્વારા ભરવાની રહેશે. આ ચાર માધ્યમ પૈકીના કોઈ પણ એક માધ્યમ દ્વારા ફી ભર્યા બાદ રીસીપ્ટ જનરેટ થશે, જેની પ્રિન્ટ મેળવી લેવાની સુચના મળશે. ઉમેદવારોએ આ રીસીપ્ટની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. **Online Application** ટેબમાં **Print Application Form / Pay Fees** પર **Click** કર્યા બાદ **Online Payment Receipt** પર ક્લીક કરવાથી પણ રીસીપ્ટની પ્રિન્ટ મેળવી શકાશે. ઓનલાઇન માધ્યમથી ફી ભરનાર ઉમેદવારે પરીક્ષા ફી નિયમોનુસાર ટ્રાન્ઝેક્શન ફી ભરવાની રહેશે. પરીક્ષા ફી ભરવાની છેલ્લી **તા.૨૩/૦૭/૨૦૨૪** (૨૩.૫૯ કલાક) બાદ આ લિન્ક આપોઆપ બંધ થઈ જશે. ત્યારબાદ મંડળ દ્વારા કોઈ પણ સંજોગોમાં અન્ય કોઈ પણ રીતે (લેઈટ ફી લઈને પણ) પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.

- **પરીક્ષા ફી રોકડમાં, ડિમાન્ડ ડ્રાફ્ટથી, ભારતીય પોસ્ટલ ઓર્ડર, પે-ઓર્ડર કે અન્ય કોઈપણ સ્વરૂપે ફી સ્વીકારવામાં આવશે નહીં જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.**
- **પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને તેઓએ જે માધ્યમથી પરીક્ષા ફી ભરેલ હશે તે માધ્યમથી પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે. પરીક્ષામાં ઉપસ્થિત ન રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે નહીં.**
- ઉમેદવારો **ફી ભરવાની નિયત તા.૨૩/૦૭/૨૦૨૪** સુધીમાં પરીક્ષા ફી નહીં ભરે તો તેવા ઉમેદવારોની અરજી માન્ય રહેશે નહીં તથા તેવા ઉમેદવારોનું અરજી ફોર્મ કોઈપણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા **''રદ''** કરવામાં આવશે.

## ૯. પરીક્ષા પદ્ધતિ:- જા.ક્ર. ૨૩૩/૨૦૨૪૨૫ થી ૨૩૫/૨૦૨૪૨૫ માટે

રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત /૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં **MCQ- Computer Based Recruitment Test (CBRT) /સ્પર્ધાત્મક લેખિત પધ્ધતિથી પરીક્ષા** લેવામાં આવશે. આ જાહેરાત માટે રજીસ્ટર્ડ થયેલ ઉમેદવારોની સંખ્યાના આધારે એક સેશન અથવા મલ્ટી સેશનમાં લેવામાં આવશે. મલ્ટી સેશનમાં પરીક્ષા યોજવાના સંજોગોમાં યોગ્ય સ્કેલીંગ પદ્ધતિથી મુલ્યાંકન કરવામાં આવશે. પરીક્ષા: **Part-A** અને **Part-B** એમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે).

### Part – A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા **Data Interpretation** | ૩૦ |
| ૨ | ગાણિતીક કસોટીઓ | ૩૦ |
| | **કુલ ગુણ** | **૬૦** |

**Part – B**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | **કુલ ગુણ** | **૧૫૦** |

**નોંધ:** અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

**(૧)** **Part-A** માં કુલ ૬૦ પ્રશ્નો અને **Part-B** માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. **Part-A** અને **Part-B** બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

**(૨)** **Part-A** અને **Part-B** નું સ્વતંત્ર (અલાયદું) **Qualifying Standard** રહેશે.

**(૩)** સ્પર્ધાત્મક પરીક્ષાના **Part-A** માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ **૪૦%** અને **Part-B** માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ **૪૦%** રાખવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે **૪૦ ટકા માર્કસ** કરતાં ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ (**Qualifying Standard**) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં. પરીક્ષાના **Part-A** અને **Part-B** માં ન્યુનતમ ગુણવત્તા ધોરણ (**Qualifying Standard**) જાળવીને કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે મંડળ દ્વારા લાયક (ક્વોલીફાય) ગણવામાં આવશે.

**(૪) જે તે સંવર્ગની જાહેરાત અન્વયે મંડળ દ્વારા તે સંવર્ગની MCQ પધ્ધતિથી Computer Based Recruitment Test (CBRT)/સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે.**

**(૫)** **M.C.Q.** પદ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માર્કના 1/4 માર્ક ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે.

**૧૦. પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની પધ્ધતિ:-**

ઉમેદવારોએ ઉકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઇ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ ની જોગવાઇઓ ધ્યાને લઇ પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે. વધુમાં, આ ઠરાવની જોગવાઈઓ ધ્યાને લેતાં જા.ક્ર. ૨૩૪/૨૦૨૪૨૫, બાગાયત મદદનીશ, વર્ગ-૩ સંવર્ગ ની પ્રતિક્ષાયાદી બનાવવાની રહેતી નથી.

**૧૦.૧.** જા.ક્ર. ૨૩૩/૨૦૨૪૨૫, ખેતી મદદનીશ, વર્ગ-૩ માટે પસંદગી યાદી માટે લાયક ઠરેલા ઉમેદવારો પાસેથી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ૧. ખેતી નિયામકની કચેરી, રાજકોટ વિભાગ અને ૨. ખેતી નિયામકની કચેરી, વડોદરા વિભાગ પૈકી જે કચેરીમાં નિમણૂક મેળવવી હોય તે માટે તેમની પસંદગીનો ક્રમ બતાવવાનો રહેશે.

**૧૦.૨.** જા.ક્ર. ૨૩૪/૨૦૨૪૨૫, બાગાયત મદદનીશ, વર્ગ–૩ સંવર્ગ માટે પસંદગી યાદી માટે લાયક ઠરેલા ઉમેદવારો પાસેથી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ૧. બાગાયત નિરીક્ષકની કચેરી, ગાંધીનગર અને ૨. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન પૈકી જે કચેરીમાં નિમણૂક મેળવવી હોય તે માટે તેમની પસંદગીનો ક્રમ બતાવવાનો રહેશે.

**ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નિમણૂક પામેલ ઉમેદવારો ગુજરાત સરકારના કર્મચારીઓ ગણાશે નહીં, જેની ખાસ નોંધ લેવી.**

## ૧૧. સામાન્ય શરતો:–

**૧૧.૧** જાહેરાતમાં જે કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે તેવી કેટેગરીના ઉમેદવારને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

**૧૧.૨** અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહિ. પરંતુ પરીક્ષા ફી માટે જે તે અનામત વર્ગના ઉમેદવારોએ પોતાની જાતિ–વર્ગ દર્શાવવાનો રહેશે. અન્યથા બિન–અનામત વર્ગ માટે નિયત કરવામાં આવેલ પરીક્ષા ફી ભરવાની રહેશે.

**૧૧.3** બિનઅનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને પણ વયમર્યાદા અંગે બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

**૧૧.૪.૧** અનામત વર્ગના ઉમેદવારોએ **જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** મેળવેલ હોવું જોઇશે.

**૧૧.૪.૨** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સસપ/ ૧૧૦૯/૧૬૬૩/અ થી નિયત થયેલ પરિશિષ્ટ–૪(ગુજરાતી) ના નમુનામાં તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૦૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/અ ની જોગવાઇ અનુસાર **તા.૦૧/૦૪/૨૦૨૨ થી અરજી કરવાની છેલ્લી તા.૨૦/૦૭/૨૦૨૪** દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી **રદ** થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ–૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

**૧૧.૪.૩ આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના** ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ નમુના **Annexure - KH (**અંગ્રેજી**)** અથવા પરિશિષ્ટ–ગ

(ગુજરાતી) નમૂનામાં **તા.૨૦/૦૭/૨૦૨૪** સુધીમાં મેળવેલ હોવું જોઈશે અને **સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ઠરાવ ક્રમાંકઃ-ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઇ મુજબ તા.૨૧/૦૭/૨૦૨૧ થી તા.૨૦/૦૭/૨૦૨૪** દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી **રદ** થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ–૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) **નૉન ક્રિમિલીયર સર્ટી** અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે. **આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના** ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ **Annexure - KH** (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ–ગ ના નિયત નમુનામાં (ગુજરાતી) **આર્થિક રીતે નબળા વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર** અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

**૧૧.૪.૪** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા– પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી રદ કરવામાં આવશે.

**૧૧.૫** જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર મંડળ દ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ.

**૧૧.૬ ઉમેદવારે અરજીમાં જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.** તેથી, જો કોઈ ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાના નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યૂ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરશે નહીં તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે.

**૧૧.૭** એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિકસ, જુડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલ ની રમતો–ખેલકુદમાં **(1) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (2) આંતર યુનિવર્સિટી અથવા (3) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં** માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. **ઉકત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા**

**ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં.** ઉક્ત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થાય છે.

**૧૧.૮** વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં મહિલા ઉમેદવાર વિધવા હોય તો તેણીએ અરજી ફોર્મમાં તે દર્શાવવાનું રહેશે અને અરજીમાં દર્શાવેલ હોય તે જ મહિલા વિધવા ઉમેદવારને **તેઓએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે.** પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલા ન હોવા જોઈએ અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે.

**૧૧.૯** મંડળ તરફથી આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું.

## ૧૨. સામાન્ય સુચનાઓ:-

**(૧)** ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે - તે તબક્કે **"રદ"** ગણવામાં આવશે.

**(૨) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)**

**(૩) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરિક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.**

**(૪)** મંડળ જે કોઈ ઉમેદવારને **(૧)** તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે **(૨)** બીજાનું નામ ધારણ કરવા માટે **(૩)** બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે **(૪)** બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે **(૫)** યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે **(૬)** પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે **(૭)** પરીક્ષા

દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે **(૮)** લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે **(૯)** પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે **(૧૦)** પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે **(૧૧)** પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા **(૧૨)** પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષતિ હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત–**(ક)** મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા **(ખ)(૧)** મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા **(ખ)(૨)** રાજય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. **(૧૩)** ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

**(૫)** ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023** અધિનિયમ માર્ચ,૨૦૨૩ થી અમલી કરેલ છે. સરકાર દ્વારા ઉક્ત અધિનિયમમાં **"Examination Authority"** તરીકે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો પણ સમાવેશ કરેલ છે. આથી, મંડળ દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી સદર અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગૂ પડે છે. આથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં જો કોઇ પણ ઉમેદવાર **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023** ની જોગવાઇઓનો ભંગ કરતો જણાઇ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**(૬)** ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ દ્વારા **''રદ''** કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે **''રદ''** કરવામાં આવશે.

(૭) મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

(૮) પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

(૯) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૧૦) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

**૧૩.** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**તારીખ:– ૨૪/૦૬/૨૦૨૪** **હસમુખ પટેલ**
**સ્થળ:– ગાંધીનગર** **સચિવ**